એલોપેથિક દવાની અસાધારણ આડઅસર
જુગાર રમાડે, દેવાળું ફૂંકાવે

કબીરા ખડા બજાર મેં
વિન્સી મરચન્ટ

એલોપેથિક દવાઓની આડઅસર કિડની, લીવર, આંતરડાં, ચરબી, હૃદય, મગજ, લોહી, હાડકાં અને સ્નાયુઓ પર પડે છે અને તેમને નુકસાન પહોંચાડે છે. આ બધી બાબતોનો આપણને કાં તો અનુભવ હોય છે અથવા તો સાંભળ્યું હોય છે. પરંતુ દવા લેવાથી માણસ અતિ કામાસક્ત, જુગારી, ફતનદેવાળિયો, ખરીદી કરવાનો વ્યસની અને આખરે નાદાર જાહેર થાય એવું ક્યારેય સાંભળવા મળ્યું નથી. ક્યારેક છૂટાછેડા લેવાનો વારો આવે એવું પણ ભાગ્યે જ સાંભળ્યું હશે. પરંતુ સાંભળ્યું નથી એટલે આવું બનતું નથી તેમ કહી શકાય નહીં. મગજમાં ડોપામાઈનનું પ્રમાણ વધારતી દવાઓની આડઅસરને કારણે અનેક ઘરો ઉજડી ગયાં છે. કુટુંબો વિખેરાઈ ગયાં છે, લગ્નવિચ્છેદ થયાં છે અને ઘણા લોકો નાદાર જાહેર થયા છે. ભારતમાં આવી આડઅસરો થઈ હશે તો પણ અજ્ઞાનતાને કારણે દવાઓને જવાબદાર ગણવામાં આવી નહીં હોય. કારણ કે પ્રથમ દૃષ્ટિએ આવી આડઅસરો અતાર્કિક લાગે, પરંતુ તે સત્ય છે, એ હવે પુરવાર થયું છે.

મગજ યોગ્ય રીતે કામ કરે તે માટે ડોપામાઈનનું યોગ્ય પ્રમાણ જરૂરી છે. તેના અભાવમાં રેસ્ટલેસ લેગ સિન્ડ્રોમ અને પાર્કિન્સન્સ ડિસીઝ જેવી બીમારીઓ થઈ શકે છે. ડિપ્રેશનની સ્થિતિ પણ તેની ઊણપને કારણે વધુ ઘેરી બની શકે છે. ડોપામાઈન રસાયણની મદદથી શરીરના હલનચલન અને નાનીથી મોટી શારીરિક પ્રવૃત્તિઓ સરળતાથી થાય છે. રેસ્ટલેસ લેગ સિન્ડ્રોમમાં દર્દીના પગ સ્થિર રહી શકતા નથી. ખાસ કરીને રાત્રે સૂતી વખતે દર્દી પગને સતત ઝાટકા મારતો રહે છે. દર્દી અકળામણ અને થોડું દર્દ અનુભવે છે. પાર્કિન્સન્સ ડિસીઝમાં દર્દીનાં ગાત્રો ધ્રૂજતાં રહે છે અને શરીરની હલનચલન પર નિયંત્રણ ઘટે છે. વ્યક્તિની ઉંમર વધે તેમ મગજમાં ડોપામાઈનનું પ્રમાણ ઘટી શકે છે અને આવી શારીરિક તથા માનસિક સ્થિતિનો ભોગ બનવું પડે છે. કેટલાક રોગોની સારવારમાં દર્દીના મગજમાં ડોપામાઈનની અસર વધે એવી દવાઓ આપવામાં આવે છે. આ દવાઓ ડોપામાઈન એગોનિસ્ટ તરીકે ઓળખાય છે. તે શરીર પર પેચ અથવા ઈન્જેક્શનના રૂપમાં પણ અપાય છે. તેની અસરથી મગજના કોષો જાણે પૂરતું ડોપામાઈન મળી ગયું હોય એ રીતે કામ કરવા માંડે છે. આ દવાની શારીરિક આડઅસરોમાં નીચું બ્લડપ્રેશર, ઊબકા, માથાનો દુખાવો, ચક્કર અને પગમાં સોજા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મગજના વર્તન, ખુશ રહેવાની ઈચ્છા અને ચિંતાઓ પર પણ તેની અસર પડે છે. આવતી કાલની ચિંતા કર્યા વગર દર્દીને તત્કાળ આનંદ મેળવવાની ઈચ્છા જાગે છે. આ સ્થિતિને 'ઈમ્પલ્સ કન્ટ્રોલ ડિસઓર્ડર' (ICD) કહે છે. મગજમાં ડોપામાઈનનું પ્રમાણ વધી જાય ત્યારે વ્યક્તિને જુગાર રમવો, સતત ઓનલાઈન શોપિંગ કરવું, કામવાસનાની ઝંખના અને પૂર્તિ કરવી, સતત ખાતા રહેવું જેવી અનિચ્છનીય પ્રવૃત્તિઓ તરફ વળવાની વૃત્તિ જાગે છે. પરિણામોનો વિચાર કર્યા વગર વ્યક્તિ આ પ્રવૃત્તિઓમાં ખૂંપેલી રહે છે. ડોપામાઈન મગજનાં રિસેપ્ટર્સ અને લાગણીઓ સાથે સંકળાયેલી લિમ્બિક સિસ્ટમને ઉત્તેજિત કરે છે. કંઈક એવું મેળવવાની

વ્યક્તિની ઉંમર વધે તેમ મગજમાં ડોપામાઇનનું પ્રમાણ ઘટી શકે છે અને આવી શારીરિક તથા માનસિક સ્થિતિનો ભોગ બનવું પડે છે

ઝંખના તીવ્ર બને છે, જેનાથી ખુશી મળે. મગજનું રિવોર્ડ સેન્ટર વધુ સક્રિય બને છે.

મગજની પોતાના પર સંયમ રાખવાની અને વિચારો પર બ્રેક મારવાની ક્ષમતા ઘટી જાય છે. દરેક ક્ષણે તત્કાળ અને સતત આનંદ મેળવવાની વૃત્તિ પર લગામ રહેતી નથી. આ સ્થિતિ 'કમ્પલ્સિવ બિહેવિયર' તરીકે ઓળખાય છે. આ એવું વર્તન છે, જેમાં પ્રવૃત્તિ કરવાથી દર્દીને ક્ષણિક આનંદ મળે છે. તબીબી સંશોધનો જણાવે છે કે ડોપામાઈન એગોનિસ્ટ વર્ગની દવાઓ લેતા દર્દીઓ પૈકીના 14થી 24 ટકા દર્દીઓમાં આ પ્રકારનું એક અથવા એકથી વધુ અનિયંત્રિત વર્તન જોવા મળે છે. જેની જરૂર ન હોય એવી અસંખ્ય ચીજવસ્તુઓ તેઓ ખરીદતા રહે છે. ઓનલાઈન શોપિંગની સુવિધા આવા વર્તનને વધુ વેગ આપે છે. ખરીદીનાં પાર્સલ ઘરે આવ્યા પછી ખોલ્યા વગર પડ્યાં રહે છે. એટલું જ નહીં, ક્રેડિટ કાર્ડ પર એવું કરજ ચઢાવી દે છે કે જેની ચૂકવણી કરવી મુશ્કેલ બની જાય છે. આખરે નાદારી નોંધાવવાનો વારો આવે છે. ઘરની આર્થિક વ્યવસ્થા ખોરવાઈ જાય છે. દર્દીને વધુ ખરીદી કરવી હોય છે, પરંતુ આવક ખલાસ થઈ ગઈ હોય છે. આ સ્થિતિ મગજ પર વધુ ખરાબ અસર કરે છે. આખરે છૂટાછેડા લેવા પડે છે અને બાળકોનું શિક્ષણ પણ રઝળી પડે છે. પશ્ચિમના દેશોમાં આ સ્થિતિ એક મોટું દૂષણ બની ગઈ છે.



દર્દીની કામવાસના અચાનક અને અસાધારણ રીતે વધી જાય છે. ઓનલાઈન અશ્લીલ વિડિયો અને સામગ્રી જોવાની ટેવ પડી જાય છે. તીવ્ર કામવાસનાના આવેશમાં ક્યારેક જોખમી હરકતો પણ કરી બેસે છે. જે વ્યક્તિ દવા લેતી ન હતી ત્યાં સુધી સંયમિત વર્તન કરતી હોય, તેનામાં દવાનું સેવન શરૂ કર્યા પછી તદ્દન વિપરીત વૃત્તિઓ જાગી શકે છે. જુગારખાનાં, લોટરી, ઓનલાઈન બેટિંગ, શેરબજાર અને વાયદાબજારમાં તેઓ જિંદગીભરની કમાણી સ્વાહા કરી દે છે. આમાં એવા દર્દીઓ પણ હોય છે, જેમણે દવાઓનું સેવન શરૂ કર્યું તે પહેલાં ક્યારેય જુગાર રમ્યો હોતો નથી. ઘણાને સતત કંઈક ખાવાની ઈચ્છા થતી રહે છે. વિજ્ઞાનના મતે આ દર્દીઓ સ્વભાવથી ખરાબ હોતા નથી. તેમના મગજમાં રસાયણનું અસંતુલન સર્જાતાં તેઓ આવું વર્તન કરવા લાગે છે. આ તેમનું નૈતિક અધઃપતન નથી. કેટલાક દર્દીઓને ઘરની ચીજવસ્તુઓ અલગ અલગ પાડીને નવેસરથી ગોઠવવાની પ્રવૃત્તિ ગમવા માંડે છે અને તેમાં તેઓ કલાકો સુધી રત રહે છે.

સતત ખરીદી કરવી, પોર્નોગ્રાફીનું વળગણ, અતિશય કામેચ્છા અને જુગાર જેવી પ્રવૃત્તિઓ દર્દીઓ ઘણીવાર કુટુંબીજનો અને તબીબોથી છુપાવે છે. આ અચાનક જાગતી વૃત્તિઓ પાછળનું કારણ હવે સમજાયું છે. તેથી તેની સારવાર શક્ય છે. દર્દીને અપાતી ડોપામાઈન એગોનિસ્ટ દવાનું પ્રમાણ તબીબી દેખરેખ હેઠળ ક્રમશઃ ઘટાડીને તેનું વર્તન સામાન્ય સ્થિતિમાં લાવી શકાય છે.

દુનિયામાં રેસ્ટલેસ લેગ સિન્ડ્રોમ (RLS)ના લાખો અને કરોડો દર્દીઓ છે. એકલા યુ.કે.માં પચાસ લાખથી વધુ દર્દીઓ હોવાનો અંદાજ છે. દુનિયામાં પાર્કિન્સન્સ ડિસીઝના દર્દીઓની સંખ્યા એક કરોડ અઢાર લાખથી વધુ છે. તેમને ડોપામાઈનની અસર વધારતી સારવાર અપાય છે. RLSની દવાથી જુગાર રમવાની વૃત્તિ જાગે, એવો પ્રથમ દૃષ્ટિએ અતાર્કિક લાગતો સંબંધ કોણ બેસાડે? પરંતુ સંશોધનો અને અભ્યાસોમાં દવાઓ તથા દર્દીઓના વર્તનમાં થયેલા ફેરફારોની વિશદ તપાસ કરવામાં આવી ત્યારે આ સંબંધ જાણવા મળ્યો. દવા ચાલુ કે બંધ કરવાની સાથે આ વૃત્તિઓ પણ શરૂ થતી કે બંધ થતી હોવાનું જોવા મળ્યું. આથી પણ દવા અને વર્તન વચ્ચેનો સંબંધ બહાર આવ્યો.

RLS એક અકળાવી મૂકે એવી બીમારી છે. દર્દીને રાત્રે શાંતિથી ઊંઘવા દેતી નથી. પરંતુ કેટલાક દર્દીઓ માટે તેની સારવાર રોગ કરતાં પણ વધુ નુકસાનકારક સાબિત થાય છે. કેટલાક દર્દીઓ અનિયંત્રિત વર્તન અને નાદારીને કારણે ફોજદારી કેસોમાં પણ ફસાયા છે. પશ્ચિમના દેશોમાં કેટલાક દર્દીઓએ તબીબો સામે આર્થિક વળતરના દાવા કર્યા છે. જોખમોની જાણ કર્યા વગર જેમને ડોપામાઈનની સારવાર અપાઈ હતી, એવા કેટલાક દર્દીઓને એક કરોડ રૂપિયાની આસપાસનું વળતર ચૂકવાયું છે. હજી ઘણા દાવા અદાલતોમાં ચાલી રહ્યા છે.

66 વર્ષના ફિલિપ સ્ટીવન ઓનલાઈન જુગારમાં હજારો પાઉન્ડ હારી ગયા હતા અને હજારો પાઉન્ડની બિનજરૂરી ખરીદી પણ કરી હતી. તાજેતરમાં અદાલતે તેમના તબીબોને તેમને 70 હજાર પાઉન્ડ ચૂકવવાનો આદેશ આપ્યો છે. ફિલિપે આ કિસ્સો પોતાની પત્નીથી પણ છુપાવ્યો હતો.

આધુનિક તણાવયુક્ત જીવનશૈલીમાં આ બંને પ્રકારની બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. વધુ ને વધુ વડીલો અને વૃદ્ધો એકલા રહેતા હોવાથી માનસિક સમસ્યાઓનો ભોગ બને છે. જે લોકો ડોપામાઈન એગોનિસ્ટ દવાઓ લેતા હોય તેમણે પોતાની રીતે દવા અચાનક બંધ કરવી નહીં. અન્યથા દવા બંધ કરવાથી ઊભી થતી વિથડ્રોઅલની વધુ ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. દવા હંમેશાં તબીબની દેખરેખ હેઠળ જ લેવી જોઈએ. તબીબોએ પણ દર્દીઓને દવાની સંભવિત આડઅસરો અને જોખમોથી વાકેફ કરવા જરૂરી છે.

કોંગ્રેસની મજાક ઉડાવતા પહેલાં ભાજપે યુપીમાં આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે

ઈધર-ઉધરકી
આરતી જેરથ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે સોશિયલ મીડિયા પર કોંગ્રેસની મજાક ઉડાવી છે, કારણ કે કોંગ્રેસે તાજેતરમાં જ અનેક રાજ્યોમાં યોજાયેલી વિધાન પરિષદોની ચૂંટણીઓમાં લગભગ નહિવત્ દેખાવ કર્યો છે. જો કે, કોંગ્રેસની મશ્કરી કરતાં પહેલાં તેમણે ઉત્તર પ્રદેશમાં પોતાના પક્ષના સ્કોરકાર્ડ પર નજર નાખવી જોઈએ. આત્મનિરીક્ષણ એટલા માટે પણ વધુ મહત્ત્વનું છે, કારણ કે આવતા વર્ષે માર્ચમાં રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, જે 2029ની લોકસભાની ચૂંટણી માટેનો મંચ તૈયાર કરશે. ભાજપે જે 11 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી તેમાંથી 6 બેઠકો જીતી લીધી છે, પરંતુ ભાજપ માટે ચિંતાનો વિષય એ હોવો જોઈએ કે યુપીમાં તેનો મુખ્ય હરીફ સમાજવાદી પાર્ટી કેટલું સારું પ્રદર્શન કરી રહી છે. સપાએ મોદીના મતવિસ્તાર વારાણસીની બે બેઠકો સહિત બાકીની તમામ પાંચ બેઠકો જીતી લીધી છે. સપાએ લખનૌની બેઠક પણ ભાજપ પાસેથી છીનવી લીધી અને એક અપક્ષ પાસેથી આગ્રાની બેઠક મેળવી. આ ચૂંટણી પછીના વિશ્લેષણનું મહત્ત્વ એ હકીકતમાં રહેલું છે કે આ MLC ચૂંટણીના મતદારો સ્નાતકો અને શિક્ષકો છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ ભાજપનો મુખ્ય મતદાર વર્ગ છે, ખાસ કરીને યુપીમાં. જો ભાજપ રાજ્યમાં તેના મધ્યમ વર્ગના શિક્ષિત મતદારોને જાળવી શક્યું નથી, તો તેણે આગામી વિધાનસભાની ચૂંટણી માટેની પોતાની રણનીતિ પર કાળજીપૂર્વક પુનર્વિચાર કરવાની જરૂર છે. તેણે એ કારણોનો અભ્યાસ કરવો જોઈએ કે શા માટે આમાંથી કેટલાક મતદારો સપા તરફ વળ્યા, કારણ કે આ તિરાડ આગામી વર્ષની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ માટે સમસ્યા ઊભી કરી શકે છે.

સંઘે ધનખડને દશેરા ઉત્સવમાં કેમ આમંત્રિત કર્યા?

RSS દ્વારા તેના પ્રતિષ્ઠિત વિજયાદશમી ઉત્સવમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને આમંત્રિત કરવાનો નિર્ણય જેટલો આશ્ચર્યજનક લાગે છે, તેટલો વાસ્તવમાં નથી. ધનખડ અને ભાજપ પર શાસન કરતી મોદી-શાહની જોડી વચ્ચે ખટરાગ હોવા છતાં, RSS આગામી વર્ષે ઉત્તર પ્રદેશમાં અને 2028માં રાજસ્થાનમાં યોજાનારી ચૂંટણીઓ તરફ નજર દોડાવી રહ્યું છે. બંને રાજ્યોમાં ધનખડ જે જાટ સમુદાયમાંથી આવે છે, તે સમુદાયના મતો ભાજપ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. વિજયાદશમી પર મુખ્ય મહેમાન તરીકે સન્માનિત થવાનો વિશેષ અધિકાર આપીને RSS સ્પષ્ટપણે જાટ સમુદાયને રાજકીય સંકેત આપી રહ્યું છે. આ બાબત ખાસ કરીને રાજસ્થાનમાં મહત્ત્વપૂર્ણ છે, જ્યાં ભાજપના સાધારણ બ્રાહ્મણ મુખ્યમંત્રી ભજનલાલ શર્મા

હેઠળ લોકોમાં અસંતોષના સંકેતો દેખાઈ રહ્યા છે. જ્યારે ધનખડ સક્રિય રાજકારણમાં હતા, ત્યારે તેમણે લોકસભામાં રાજ્યના જાટ-બહુલ ઝુંઝુનુ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. મોદી-શાહની જોડી ધનખડને અંગત અણગમાની નજરે જુએ છે. તેમની વચ્ચેના મતભેદનું કારણ શું હતું તે હજુ અસ્પષ્ટ છે, જેના પરિણામે ગયા વર્ષે જુલાઈમાં તેમણે ઉપરાષ્ટ્રપતિ પદેથી અચાનક રાજીનામું આપવું પડ્યું હતું. કારણ ગમે તે હોય, આ બાબત હજુ પણ ખૂંચે છે. સરકારે હજુ સુધી ધનખડને લુટિયન્સ દિલ્હીમાં કોઈ બંગલો ફાળવ્યો નથી. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ તરીકે તેઓ સરકારી આવાસ મેળવવા માટે હકદાર છે. તેમને પદ છોડ્યાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો હોવા છતાં તેઓ દિલ્હીના બહારના વિસ્તારમાં લોકદળના નેતા ઓમ પ્રકાશ ચૌટાલાના પરિવારના ફાર્મહાઉસમાં રહે છે. ઉલ્લેખનીય છે કે ધનખડ એક સમયે ચૌટાલાના પિતા અને દિવંગત જાટ નેતા દેવીલાલના વફાદાર હતા. છેલ્લા એક દાયકામાં RSSની નજીક જવા છતાં તેઓ ચૌટાલા પરિવાર સાથે મધુર સંબંધો જાળવી રાખે છે. યુપી અને રાજસ્થાનની આગામી ચૂંટણીઓ દર્શાવશે કે RSS દ્વારા ધનખડના મહત્ત્વનું આંકવામાં આવેલું મૂલ્યાંકન સાચું છે કે નહીં અને ધનખડ હજુ પણ પોતાના સમુદાયના નેતાઓ પર જૂનો પ્રભાવ જાળવી રાખે છે કે નહીં.

વોટચોરીના આક્ષેપો કરવાનું નેતન્યાહૂ રાહુલ પાસેથી શીખ્યા છે?

એ રસપ્રદ છે કે જ્યારે ભારતમાં રાહુલ ગાંધીની આગેવાની હેઠળ કોંગ્રેસ 'વોટચોરી'ના સૂત્રો ઉઠાવી રહી છે, ત્યારે એવું લાગે છે કે ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ તેમની પાસેથી

કોઈ પાનું ઉધાર લીધું છે. તેઓ પણ પોતાના દેશમાં તાજેતરમાં સંપન્ન થયેલી સામાન્ય ચૂંટણીમાં બહુમતી મેળવવામાં નિષ્ફળ જવા બદલ 'વોટચોરી'ના આક્ષેપો કરી રહ્યા છે. અમેરિકામાં ઓપિનિયન પોલ આગામી સપ્તાહના મધ્યમાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીઓમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીની સંસદનાં બંને ગૃહોમાં હારની આગાહી કરી રહ્યા છે. તો શું ચૂંટણી પહેલાંની આ આગાહીઓ સાચી પડશે તો તેઓ પણ ડેમોક્રેટ્સ પર 'વોટચોરી'નો આરોપ લગાવવા માટે કોંગ્રેસ પાર્ટીના પગલે ચાલશે?

ગંજીપામાં બાદશાહ ખોવાઈ જાય તો જોકરને બાદશાહ બનાવી દેવાય?

ક્રાઈમ કોડ
પ્રફુલ શાહ

અતા-પતા-લાપતા -27

ચિંચલી પોલીસ સ્ટેશનની આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણાને ફેક્સ પરના શબ્દો માનવામાં આવતા નહોતા. 'તમને તાત્કાલિક અસરથી ફરજ પરથી ટેમ્પરરી સસ્પેન્ડ કરવામાં આવે છે. તમારા વિરુદ્ધની તપાસ પૂરી ન થાય કે વધુ આદેશ ન આવે ત્યાં સુધી કપાતા પગારે રજા પર છો.'

કાવ્યા રાણાએ દાંત ભીસીને ટેબલ પર મુક્કો પછાડ્યો, 'આ નિરવ ત્રિવેદીની કિન્નાખોરીને લીધે જ થયું છે. પણ હું લડી લઈશ. જરાય ચૂપ નહીં બેસું.'

એ જ સમયે કાવ્યાના મોબાઈલ ફોનની બેલ વાગી. સામે છેડેથી ડાંગના દૈનિક 'આહવાની હવા'ની રિપોર્ટર સોનલી ભીલનો સવાલ આવ્યો, 'મેડમ, આપને સસ્પેન્ડ કરાયાં એ વિશે શું કહેશો?'

કાવ્યા એકદમ અકડાઈથી બોલી, 'ડૉન્ટ ડિસ્ટર્બ મી. મારે જે કહેવું હશે એ ડિપાર્ટમેન્ટલ ઈન્ક્વાયરીમાં કહીશ.'

સોનલીએ એકદમ ઠંડે કલેજે જવાબ આપ્યો, 'ક્યારેય એવું ન વિચારતા કે મારા વગર કોઈનું કામ અટકી પડશે. ગંજીફામાં બાદશાહ ખોવાઈ જાય તો જોકરને બાદશાહ બનાવી દેવાય છે, સમજ્યાં?'

સોનલી વધુ કંઈ બોલે એ અગાઉ કાવ્યાએ ફોન કટ કરી નાખ્યો. સોનલીએ બે વખત ફોન કર્યો, પણ કાવ્યાએ અવગણના કરી. ત્રીજી વાર બેલ વાગી તો તેણે સોનલીનો નંબર બ્લૉક કરી દીધો. 'નાનકડા લોકલ પેપરની નવીસવી છોકરીને મારે શા માટે કંઈ કહેવું? એના કરતાં તો આહવાનો સૌથી જૂનો અને વગદાર વિનોદ રિપોર્ટર જ બેસ્ટ ગણાય.'

કાવ્યાએ વિનોદનો નંબર ડાયલ કર્યો તો સામેથી ફોન કાપી નાખવામાં આવ્યો. તેણે બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી વાર નંબર ડાયલ કર્યો ને સામેથી એ જ થયું. કાવ્યાએ ગુસ્સામાં મેસેજ કર્યો, 'ગો ટુ હેલ.' તરત જ જવાબ આવ્યો, 'તમારો એરિયા તમને મુબારક.' ત્યાં એનો ફેવરિટ હવાલદાર અંદર આવ્યો, 'મેડમ, ગરમાગરમ ભજિયાં ને મસાલા ચા લઈ આવું?' 'ગેટ આઉટ... ગેટ લોસ્ટ.' 'મેડમ, મારે તો અહીં જ રહેવાનું છે.' 'તું નિરવ ત્રિવેદીનો ચમચો છે. જોઈ લઈશ તને... બધાને જોઈ લઈશ.'

સોનલીએ એકદમ ઠંડે કલેજે જવાબ આપ્યો, 'ક્યારેય એવું ન વિચારતા કે મારા વગર કોઈનું કામ અટકી પડશે. ગંજીફામાં બાદશાહ ખોવાઈ જાય તો જોકરને બાદશાહ બનાવી દેવાય છે, સમજ્યાં?'

'એ પહેલાં અરીસામાં જોઈને પોતાને પૂછજો કે તમે પોતે શું કર્યું છે?'

■■■

સેબાસ્ટિયન ગોન્સાલવિસ ઉર્ફે સબાને સમજાતું નહોતું કે એને કંટાળો આવતો હતો કે ગુસ્સો. એને ધારણાથી એકદમ વિપરીત અનુભવ થઈ રહ્યો હતો. પોલીસવિરોધી ધમાકેદાર પ્રેસ કૉન્ફરન્સ અને બબ્બે વીડિયો વાઈરલ થયા બાદ પોતાને ચિંચલી પોલીસ સ્ટેશનમાં રેડ કાર્પેટ આવકારની ખાતરી હતી, પણ એ 25 મિનિટથી ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીના બોલાવાની રાહ જોતો બેઠો હતો.

હવાલદાર ઈન્ચાર્જની કેબિનમાં એક કપ ચા મૂકીને બહાર આવ્યો ત્યારે તેણે બગાસું ખાતા સેબાસ્ટિયનને અંદર જવાનો લુખ્ખો ઈશારો કર્યો. સબા અંદર ગયો ત્યારે નિરવ ત્રિવેદી ચા માણી રહ્યા હતા. તેમણે બૂમ પાડી, 'હવાલદાર, ઉતાવળ કરજો ભાઈ.'

હવાલદાર દોડતો આવીને સેલ્ફી માટેનું સ્ટેન્ડ મૂક્યું.

'ગુડ. હવાલદાર, હવે બધું ચેક કરી લો.'

હવાલદારે સેલ્ફી સ્ટેન્ડ પર પોતાનો કૅમેરા મૂક્યો. પાસે આવીને સબાને ઊભો કરીને એની ખુરશી ડાબી તરફ લીધી. પછી કૅમેરામાં જોઈને ખુરશી થોડી આગળ લીધી. 'સર, એકદમ રેડી. કૅમેરો ચાલુ કરું છું.'

નિરવ ત્રિવેદીએ કપ નીચે મૂકીને સેબાસ્ટિયન સામે જોયું. 'તો શરૂ કરીએ. આપની વાઈફનું નામ આયેશા... ઉંમર 35 વર્ષ... ફોટા ઘણા જોયા છે એટલે વર્ણનની જરૂર નથી. તેઓ લાપતા ક્યારે થયાં?'

'ડાંગ દરબારના આગલા દિવસે...'

'એમ નહીં. તારીખ બોલો.'

સેબાસ્ટિયને થોડું વિચારીને કહ્યું, 'હા, યાદ આવ્યું... શુક્રવાર, 7 માર્ચ.'

'સરસ. કેટલા વાગ્યે?'

'એટલે?' 'લાપતા કેટલા વાગ્યે થયાં?'

'અરે, એ ખબર હોત તો રોકી ન લીધી હોત... વાત કરો છો સાવ...'

'આ પોલીસ પૂછપરછ છે હો... છેલ્લે તમે ક્યારે મળ્યાં આયેશાને?'

'સવારે દસ વાગ્યે ઘરેથી નીકળ્યો ત્યારે.'

'ત્યારે તેઓ નૉર્મલ હતાં?'

'તમે બન્ને છૂટાં પડ્યાં ત્યારે કોઈએ જોયું?'

'આ કેવો સવાલ છે?'

'પોલીસનો સવાલ છે. બોલો.'

'હમ્મ... હા, મારા દીકરાએ જોયાં હતાં.'

'કેવડો છે દીકરો? નામ?' 'છ વર્ષનો છે, એન્થની...' 'વાહ, એન્થની ગોન્સાલવિસ. ફિલ્મોના શોખીન છો?'

'કમ ટુ ધ પૉઈન્ટ, પ્લીઝ.'

'ઓકે. તમે ઘરેથી નીકળીને ક્યાં ગયા?'

'વ્હોટ નૉનસેન્સ... આ કેવો સવાલ?'

'પોલીસનો સવાલ... બોલો.'

'મારા કામ પર ગયો.'

'શેનું કામ?'

'ઈન્સ્પેક્ટર, ટાઈમપાસ કરવાનું રહેવા દો.'

'હમ્મ... એક કામ કરો... તમે જ નક્કી કરો કે પોલીસે શું પૂછવું અને શું ન પૂછવું. બરાબર? શું હું તમારી પત્નીનો મોબાઈલ નંબર માંગી શકું?'

'અફકોર્સ, લખો નાઈન...'

'એક મિનિટ... તમે જ લખી આપો, નહીં તો કહેવાશે કે પોલીસે ભૂલ કરી.'

સબાએ આયેશાનો નંબર લખી આપ્યો, સાથે પોતાનો પણ.

'તમારા બન્નેના સંબંધ કેવા?'

'નૉર્મલ... સારા.'

'નૉર્મલ કે સારા?'

સબા ગુસ્સામાં બોલ્યો, 'સારા... બહુ સારા.'

'એમને કોઈ અન્ય સાથે...'

સબા ઊભો થઈને બરાડ્યો, 'વ્હોટ નૉનસેન્સ! આયેશાને શોધવાની છે, ખોટી બદનામ નથી કરવાની.'

તે ઊભો થઈને ચાલવા માંડ્યો.

'મિસ્ટર સેબાસ્ટિયન ગોન્સાલવિસ, તમારે પોલીસ તપાસમાં સહકાર આપવો જ પડે.'

સેબાસ્ટિયન રોકાતો નથી.

નિરવ હસીને બોલ્યા, 'અરે હા, સોશ્યલ મીડિયા માટે કોઈને વીડિયો જોઈએ તો મારો નંબર આપજો. કાલે મળીએ, 11 વાગ્યે.'

સેબાસ્ટિયન બહાર નીકળી ગયો. નિરવે બન્નેના મોબાઈલ નંબર લખેલા કાગળનો ફોટો પાડીને કોઈને ફોરવર્ડ કર્યો. સાથે મેસેજ લખ્યો, 'છેલ્લા ત્રણ મહિનાના સીડીઆર અને દસ દિવસનાં લોકેશન. અર્જન્ટ.'

પછી નિરવ ઊભા થયા, 'કૉલ ડેટા રેકોર્ડ્સ આવે ત્યાં સુધી બીજું હોમવર્ક.'

■■■

પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાએ ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી સાથે વાત થયા બાદ કોઈને વૉટ્સઍપ કૉલ કર્યો. 'ખબરીઓની ટીમને બે નામ આપી દે. સેબાસ્ટિયન ગોન્સાલવિસ ઉર્ફે સબા અને તેની વાઈફ આયેશા. તને ખબર છે કે મારાં બધાં કામ અર્જન્ટ જ હોય છે. જેમ જેમ માહિતી મળતી જાય એમ એમ આપતો જા.' ફોન મૂકીને પુષ્કર્ણા મલક્યા, 'ડાંગના ઈતિહાસમાં પહેલો ક્રાઈમ કેસ સોશ્યલ મીડિયા પર ગાજ્યો. મજા તો આવશે, બહુ મજા આવશે.'

■■■

કોન્ટ્રાક્ટર રાજુએ સ્કૉચનો પતિયાલા પેગ એક શ્વાસે ગટગટાવી ગયો. તેણે ફોન ઉપાડ્યો, 'ધ્યાનથી સાંભળ. પોલીસને વળતો ઘા મારવા માટે વધુ સમય ન અપાય. કાલે જોઈએ શું થાય છે, નહીં તો આપણી નવી ચાલ અમલમાં મૂકવી પડશે. બધી તૈયારી રાખજે.' (ક્રમશઃ)

સટાક — કમલ